| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૦૩/૧૨/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખઃ | ૦૩/૧૨/૨૦૨૪ | | |
| ફેસલ તારીખઃ | ૧૧/૦૮/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૮ | ૦૮ |

**મહેરબાન ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૩૯૯૯/૨૦૨૪.**

**આંકઃ**

ફરીયાદી : ચિરાગકુમાર ગીરીશભાઈ મૈસુરીયા.
ઉ.આ.વ.૩૪ વર્ષ, જાતના.હિન્દુ, ધંધો.સેલુનકામ,
રહે.૧૧૬, ગીતાનગર-૧, કીમ, તા.ઓલપાડ,
જી.સુરત.

**વિરૂધ્ધ**

આરોપી : અશોક અરવિંદભાઈ પરમાર,
ઉ.આ.વ.:૩૮, ધંધોઃવેપાર, જાતના.હિન્દુ,
રહે.૧૫૧, ગીતાનગર-૨, કીમ, તા.ઓલપાડ,
જી.સુરત-૩૯૪૧૧૦.

**<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ અન્વયેની ફરીયાદ.</u>**

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | વિ.વ.શ્રી એ.કે.રામાણી |
| આરોપી તરફે | : | વિ.વ.શ્રી જે.સી.પટેલ |

**<u>જજમેન્ટ</u>**

(૧) **<u>ફરીયાદપક્ષની હકીકત</u> :–** ફરીયાદી ઉપરોકત સરનામે વસવાટ કરે છે અને સેલુનકામ કરી તેઓનું તેમજ તેઓના પરિવારનું ગુજરાન ચલાવે છે.

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, આ કામના આરોપી ઉપરોક્ત દર્શાવેલ સરનામે તેઓના પરીવાર સાથે વસવાટ કરતા આવેલ છે અને સદર કામના આરોપી અને ફરીયાદી એક જ સોસાયટીમાં વસવાટ કરતા આવેલ હોય અને મિત્ર થતા હોય જેથી આરોપીએ ફરીયાદી પાસે મિત્રતાના નાતે આરોપીને નાણાંની જરૂરીયાત હોવાથી તા.૨૦/૦૯/૨૦૨૨ ના રોજ ફરીયાદીને આરોપીએ જણાવેલ કે, તેઓની આર્થિક પરીસ્થીતી હાલ સારી ન હોય જેથી નાસ્તાનો નવો ધંધો શરૂ કરવો હોય જેના માટે રકમની જરૂર છે, તેવુ જણાવી સદર કામના આરોપીએ હાથ ઉછીના રૂા.૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરાની માંગણી કરેલી અને એવો વિશ્વાસ અને ભરોસો આપેલો કે, જો ફરીયાદી આરોપીને તેમની માંગ્યા મુજબની રકમ હાથ ઉછીની આપશે તો આરોપી તે રકમ બે માસમાં પરત ચુકવી આપશે.

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, જેથી આ કાના આરોપીએ કરેલ ઉપર મુજબની રજુઆત અને આપેલ વિશ્વાસ અને ભરોસાને આધીન ફરીયાદીએ તેઓના પિતા ગીરીશભાઈ મૈસુરીયા પાસેથી હાથઉછીના રૂા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરા મેળવેલ જે રકમ ફરીયાદીના પિતાએ ધી ઓલપાડ–સાયણ–કીમ નાગરીક સહકારી મંડળી લી.માંથી રૂા.૩,૦૦,૦૦૦/– લોન લઈ તે રકમ રોકડ બેંકમાથી ઉપાડી ફરીયાદીને આપેલ જે રકમ ફરીયાદીએ આ કામના આરોપીને રૂા.૩,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ પુરા હાથ ઉછીની આપેલ અને બાકીની રકમ ફરીયાદીએ તેઓની બચતની મુડીમાંથી ઉમેરી ફરીયાદીએ આ કામના આરોપીને (ઓક્ટોબર–૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૨ સુધીમાં) ટુકડે ટુકડે કરીને રૂા.૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા રોકડા ફરીયાદીએ આ કામના આરોપીને હાથ ઉછીના આપેલ.

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, ત્યારબાદ ફરીયાદીએ આરોપીએ જણાવેલ સમયે આ કામના આરોપીને આપેલ હાથ ઉછીની રકમની માંગણી કરતાં આરોપીએ થોડો સમય રાહ જોવા જણાવેલ. જેથી ફરીયાદીએ થોડો સમય રાહ જોયેલ. ત્યારબાદ ફરીયાદીએ આરોપી પાસેથી સદર કામના આરોપીને આપેલ હાથ ઉછીની આપેલ રકમની રૂબરૂ તેમજ ટેલીફોનિક અનેક વખત માંગણી કરતાં આરોપી પૈસા ચુકવવા માટે વાયદા કરતા આવેલ અને તે વાયદા મુજબ આરોપી પાસે ઉઘરાણી કરતા સદર કામના આરોપી ફરીયાદીનો ફોન ઉપાડતા આવેલ નહી અને રૂબરૂ પણ ઘરે મળતા નહી, આમ આરોપી હાથ ઉછીની રકમ ચુકવવામાં ગલ્લાં તલ્લા કરતા આવેલ.

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, ત્યારબાદ ફરીયાદીએ સપ્ટેમ્બર–૨૦૨૪ સદર કામના આરોપીને આપેલ હાથ ઉછીની આપેલ કાયદેસરની લેણી રકમની માંગણી કરતા આરોપીએ ફરીયાદીની તેમની પાસેથી લેણી નીકળેથી રકમની જવાબદારી સ્વીકારી તે રકમની ચુકવણી પેટેનો આરોપીએ નીચેની વિગતનો ચેક ફરીયાદીની રૂબરૂમાં સહી કરી લખી આપેલ.

| ક્રમ | બેંકનું નામ | ચેક નં. | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| ૧. | ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો–ઓપ. બેન્ક લી., કીમ બ્રાંચ, કીમ, તા.ઓલપાડ, જી.સુરત | ૧૫૪૧૫૨ | ૨૧/૦૯/૨૦૨૪ | ૪,૦૦,૦૦૦/– |
| | | | કુલ્લે રૂપિયા | ૪,૦૦,૦૦૦/– |

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, ઉપરોક્ત વિગત વર્ણનવાળો ચેક ફરીયાદીની રૂબરૂમાં આરોપીએ સહી કરી આપતી વખતે એવો વિશ્વાસ અને ભરોસો આપેલો કે, સદર ચેક બેંકમાં કલીયરીંગ માટે રજુ કરતા જ તે કલીયર થઈ જશે અને તેના નાણાં તમોને મળી જશે. જેથી

ફરીયાદીને આરોપીએ આપેલ વિશ્વાસ અને ભરોસાને આધીન અને આરોપીની સુચના અને રજુઆત મુજબ સદર ચેક ફરીયાદીની ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લી. , કીમ શાખા, કીમ, તા.ઓલપાડ, જી.સુરત માં રજુ કરતા સદર ચેક બેંકના રીટર્ન મેમોમાં જણાવેલ " ફંડસ ઈન્સફીશીયન્ટ" ના શેરા સાથે તા.૨૪/૦૯/૨૦૨૪ ના રોજ પરત ફરેલ. જે અંગે ફરીયાદીએ આરોપીને રજુઆત કરતાં આરોપીએ ફરીયાદીને કોઈ સંતોષકારણ જવાબ આપેલ નહી.

ફરીયાદીએ વધુમાં તેમની ફરીયાદમા જણાવેલ છે કે, જેથી ફરીયાદીએ આરોપીને તેઓના એડવોકેટ મારફતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ્ની કલમ–૧૩૮ ની જોગવાઈ હેઠળની લીગલ ડીમાન્ડ નોટીસ આરોપીના રહેઠાણના સરનામા ઉપર તા.૨૧/૧૦/૨૦૨૪ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટ એડી મારફતે પાઠવેલી. જે લીગલ ડીમાન્ડ નોટીસ આરોપીના રહેઠાણના સરનામે તા.૨૨/૧૦/૨૦૨૪ નમા રોજ મળી ગયેલ છે. આમ, આરોપીને લીગલ ડીમાન્ડ નોટીસ બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટીસનો કોઈ અમલ કરેલ નથી અને તેમ કરીને આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ્ની કલમ–૧૩૮ હેઠળનો ફોજદારી ગુનો કરેલ હોય તેમના વિરુધ્ધ હાલની આ ફરીયાદ કરેલ છે.

**(૨)** આરોપીને સમન્સની બજવણી થતા તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે કોર્ટ સમક્ષ હાજર થતા, તેઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ ની જોગવાઈ મુજબ ફરીયાદીના કેસના પેપર્સની નકલો આપવામાં આવી, ત્યારબાદ આરોપી ના ગુના સંબંધે આંક–૧૪ થી નિવેદન (પ્લી) નોંધવામાં આવેલ, તેમા આરોપીઓ દ્રારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામા આવેલો, આથી આરોપી સામે કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલી.

**(૩)** ફરીયાદપક્ષ તરફે પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–:: ફરીયાદ પક્ષ તરફે રજુ પુરાવા ::–**

**મૌખિક પુરાવાઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| (૧) | ૦૪ | ફરીયાદી– ચિરાગકુમાર ગીરીશભાઈ મૌસુરીયાની સોગંદ ઉપર જુબાની. |

**દસ્તાવેજી પુરાવા :–**

| અ.નં. | આંક | વિગત | તારીખ |
|---|---|---|---|
| ૧. | ૧૬ | ફરીયાદીના પિતાએ ધી ઓલપાડ–સાયણ–કીમ નાગરીક ધિરાણ સહકારી મંડળી લી. ઓલપાડ ખાતેથી લોન લીધેલ તે અંગેનું લોન સ્ટેટમેન્ટ અસલ. | – |
| ૨. | ૧૭ | ફરીયાદીના પિતાએ સુ.ડી.કો.ઓ. બેંક લી. ખાતામાંથી રોકડ ઉપાડી ફરીયાદીને આપેલ તે દર્શાવતુ ફરીયાદીના પિતા અને તેઓનું બેંક સ્ટેટમેન્ટ | – |
| ૩. | ૧૮ | સદરહું કામના આરોપીએ આપેલ ચેક નં.૧૫૪૧૫૨ અસલ. | ૨૧/૦૯/૨૦૨૪ |
| ૪. | ૧૯ | સદરહું ચેક રીર્ટન થતા બેંક તરફથી મળેલ રીટર્ન મેમો અસલ. | ૨૪/૦૯/૨૦૨૪ |
| ૫. | ૨૦ | ફરીયાદીએ આરોપીને પાઠવેલ સ્ટેચ્યુટરી લીગલ ડીમાન્ડ નોટીસી ઓફીસ કોપી. | ૨૧/૧૦/૨૦૨૪ |
| ૬. | ૨૧ | સદરહુ લીગલ ડીમાન્ડ નોટીસ રજી.પો.એડી.થી આરોપીના રહેઠાણના સરનામા ઉપર મોકલાવેલ જેની પોસ્ટ ખાતા તરફથી મળેલ અસલ રસીદ. | ૨૧/૧૦/૨૦૨૪ |
| ૭. | ૨૨ | આરોપીના રહેઠાણના સરનામા ઉપર | ૨૨/૧૦/૨૦૨૪ |

| | | | |
|---|---|---|---|
| | | મોકલાવેલ લીગલ ડીમાન્ડ નોટીસ આરોપીને મળી ગયેલ હોય તે દર્શાવતુ પોસ્ટ ખાતા તરફથી પરત આવેલ એકનોલેજમેન્ટ અસલ. | |
| ૮. | ૨૩ | આરોપીના રહેઠાણના સરનામા ઉપર મોકલાવેલ લીગલ ડીમાન્ડ નોટીસ આરોપીને મળી ગયેલ હોય તે દર્શાવતુ પોસ્ટ ખાતાની વેબસાઈટ ઉપરથી મેળવેલ ટ્રેકીંગ રીપોર્ટ. | ૨૨/૧૦/૨૦૨૪ |

ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો પુરાવો રજુ કરી આંક–૨૭ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

**(૪)** ફરિયાદ પક્ષે પુરાવા રજુ થયા બાદ કામ ફરિયાદીની ઉલટ– તપાસ ના સ્ટેજ દરમીયાન આરોપી જાતે કે વિ.વકીલશ્રી મારફતે હાજર રહેતા નાહોય ફરિયાદ તર્ફે આંક–૨૬ થી ફરિયાદીની ઉલટ તપાસનો આરોપી પક્ષનો હકક બંધ કરવાની અરજી રજુ કરતા કેસની હકીકત તથા આરોપી કેસની કાર્યવાહી આગળ ચલાવવા હાજર રહેતા નાહોય, ફરિયાદીની સદરહું અરજી મંજુર કરી ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપી પક્ષનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. ત્યાર બાદ કામ આરોપીની વિશેષ નિવેદન નોંધવા માટે રાખવામાં આવેલ પરંતુ આરોપી હાજર રહેતા નાહોય કે, તે અન્વયે કોઈ લેખિત કે મૌખિક રજુઆત કરેલ નાહોય, કેસનુ રેકર્ડ ધ્યાને લઈને આરોપીનુ બી.એન.એસ.એસ.**કલમ– ૩૫૧** અન્વયેનુ વિશેષ નિવેદન નોંધવાનો હકક બંધ કરવામાં આવેલ.

**(૫)** **<u>ફરીયાદપક્ષની દલીલો</u>** :– ફરિયાદ પક્ષે વિ.વકીલશ્રીએ તેઓની મૌખિક દલીલોમાં મુખ્ય હકીકતે જાહેર કરેલ છે કે, આ કામે ફરિયાદી અને આરોપી મિત્રો થાય છે, ફરિયાદીએ બેંકમાંથી ઉપાડીને આરોપીને પૈસા આપેલા છે,

ફરિયાદીનુ બેંક સ્ટેટમેન્ટ રજુ કરેલ છે, ફરિયાદીએ લોન લઈને આરોપીને પૈસા આપેલા છે, આ કામના આરોપીની નામદાર કોર્ટમાં પ્લી નોંધાયા બાદ આરોપી દ્ધારા ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી તેમજ ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક કે દસ્તાવેજી પુરાવા અન્વયે કોઈ ખંડન કરેલ નથી. આરોપીને કેસની માહીતી હોવા છતાં ઈરાદાપૂર્વક ગેરહાજર રહેલ છે તેમજ ફરિયાદીની કાયદેસરની લેણી રકમ આજદિન સુધી ચૂકવેલ નથી. જેથી સદર કામે રજુ કરેલ પુરાવાને ધ્યાને લઈને આરોપીને સખત સજા કરવા તથા ચેકની રકમના બમણી રકમનો દંડ કરવા તથા ફરિયાદીને વળતર આપવાનો હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૬) **<u>આરોપી પક્ષની દલીલો</u>** :- સદર કામમા આરોપીને કેસની માહીતી હોવા છતાં ઈરાદાપૂર્વક હાજર રહેતા ના હોય, આરોપી પક્ષની દલીલોનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૭) ઉપરોક્ત વિગતે મારી સમક્ષ કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિઃશંકપણે એવું સાબીત કરે છે કે, આરોપીએ ફરીયાદીને ધી સુરત ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક લી., કીમ શાખાના ચેક નં.૧૫૪૧૫૨, તા.૨૧/૦૯/૨૦૨૪ ના રોજ રૂા.૪,૦૦,૦૦૦/- નો ફરીયાદવાળો ચેક આપેલો અને સદર ચેક ફરીયાદીએ તેઓની બેન્કમાં રજુ કરતાં, આરોપીનો સદર ચેક કલીયરન્સમાં જતા સદર ચેક "ફંડસ ઈન્સફીશીયન્ટ" ના શેરા સાથે વણચુકવ્યો પરત આવેલા અને જે અંગે આરોપીને કાયદેસરની નોટીસ આપતાં, તે નોટીસની આરોપીને બજવણી થયેલ હોવા છતાં આરોપીએ ફરીયાદીના કાયદેસરના

લેણાં નહિ ચૂકવીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે?

૨. શું હુકમ?

**(૮)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**(૯)** ઉપરોક્ત નિર્ણયો પરત્વે મારા કારણો નીચે મુજબ છે.

// **કા ર ણો** //

**મુદ્દા નં.૧ અને ૨ઃ–**

**(૧૦)** ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટના પ્રકરણ–૧૭" અપૂરતા ભંડોળના કારણે ચેકની અસ્વીકૃતી દંડ સજા" માંની કલમ–૧૩૮, કલમ–૧૪૨ તથા કલમ–૧૪૬ સાથે વંચાણે લેતાં કલમ–૧૩૮ માં ખાતામાં અપૂરતા ભંડોળના કારણે ચેકનો અસ્વીકાર, કલમ–૧૪૨ માં ગુનાઓનું કોગ્નીઝન્સ લેવા બાબત તથા કલમ–૧૪૬ માં બેંકની સ્લીપ કેટલીક હકીકતો અંગેનું પ્રથમ દર્શનીય પુરાવો હોવા બાબતની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, સદર કેસ મુજબનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટેના આવશ્યક તત્વો નીચે મુજબ છે.

**આવશ્યક તત્વોઃ–**

(૧) આરોપીએ પોતાના દ્ધારા નિભવવામાં આવતાં ખાતામાંથી નાણાં ચુકવવા ફરીયાદીને ચેક આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃકાયદેસરનું દેવુ અથવા જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકની નિયત સમયમર્યાદમાં રજુ કરવામાં આવતો હતો.

(૪) ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત થયેલ હતો.

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માંગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી) ને મોકલેલ હતી.

(૬) આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં માંગણા નોટીસમાં જણાવ્યા મુજબ ચેકના નાણાં ૧૫ દિવસની સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલા નથી.

**(૧૦.૧)** વધુમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ અનુસાર ફરીયાદીની તરફેણમાં અનુમાન કરી શકાય તેવી જોગવાઈ છે. ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮(એ) ની જોગવાઈ અનુસાર જ્યાં સુધી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજના માટે કરી આ પ્યાનું માની લેવામાં આવશે. તે જ રીતે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેવામં આવે તો, જ્યાં સુધી વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી અનુમાન કરવામાં આવેશે કે ચેકના ધારણકર્તાએ તે ચેક કલમ–૧૩૮ ની જોગવાઈ અનુસાર તેમના કાયદેસરના દેવા કે જવાબદારીની અંશતઃ અથવા પૂર્ણ ચુકવણી માટે મેળવવામાં આવેલ હશે. પરંતુ, બંને જોગવાઈઓમાં "વિરુધ્ધનું સાબિત ન થાય તો" તેવા શબ્દો પ્રયોજવામાં આવેલા છે એટલે કે આ બંને અનુમાનો ખંડીત થઈ શકે તે પ્રકારના અનુમાનો છે. વધુમાં" વિરૂધ્ધનું સાબિત ન થાય", તે શબ્દોના અર્થઘટન અનુસાર અનુમાનનું ખંડન સચોટ પુરાવાથી કરવાનું રહે છે અને આવા અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે.

**(૧૧) <u>અદાલતનું અવલોકન, પુરાવાનું મુલ્યાંકન અને નિષ્કર્ષના કારણો :–</u>**

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનેલ હોવા બાબતેના આવશ્યક તત્વો ચકાસતાં જણાય છે કે, ચેક કાયદેસરની

જવાબદારીના પૂર્ણ અથવા આંશિક ચુકવણી માટેનો હોવો જોઈએ. સદર કામે ફરિયાદ પક્ષની હકીકત અનુસાર આ કામના ફરિયાદી અને આરોપી એક જ સોસાયટીાં રહે છે અને મિત્ર થાય છે અને મિત્રતાના નાતે આરોપીએ આ કામના ફરિયાદી પાસે મિત્રતાના નાતે નાણાંની જરૂરીયાત હોવાનુ જણાવી તા. ૨૦/૦૯/૨૦૨૨ ના રોજ આરોપીએ જણાવેલ કે, આર્થિક પરીસ્થીતી હાલ સારી ન હોય, જેથી નાસ્તાનો નવો ધંધો શરૂ કરવા હાથઉછીના રૂપિયા ૫,૦૦,૦૦૦/- પુરાની માંગણી કરેલ અને બે માસમાં સદર રકમ પરત આપવાનો વિશ્વાસ આપેલ અને જે વિશ્વાસના આધારે ફરિયાદીએ તેમના પિતા ગીરીશભા મૈસરીયા પાસે થી હાથઉછીના રૂ. ૩,૦૦,૦૦૦/- મેળવેલ અને સદર રકમ ફરિયાદીના પિતાએ તેમની ધી ઓલપાડ- સાયણ-કીમ નાગરીક ધીરાણ સહકારી મંડળી લી. માંથી લોન લઈને આપેલા અને ફરિયાદીએ તેમની બચતમાંથી ટુકડે ટુકડે કરીને રૂપિયા ૪,૦૦,૦૦૦/- ની રકમ ફરિયાદીએ આરોપીને હાથઉછીના આપેલા અને આરોપીએ જણાવેલ સમય પુરો થયા બાદ ફરિયાદીએ સદર રૂપિયાની માંગણી કરતા રકમ પરત આપેલ નહી અને ત્યાર બાદ વારંવાર માંગણી કરતા આરોપીએ બાકી લેણા પેટે ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપ.બેંક, લી. કીમ શાખાનો ચેક નં.૧૫૪૧૫૨ થી રૂપિયા ૪,૦૦,૦૦૦/-નો ચેક આરોપીએ આપેલ. જે ચેક આરોપીના કહેવા થી સદરહું ચેક ફરિયાદીએ તેઓની ધી સુરત ડીસ્ટ્રીકટ કો-ઓપ.બેંક, લી. કીમ શાખામાં જમા કરાવતા " ફંડસ ઈનસફીશીયન્ટ" ના શેરા સાથે તા. ૨૪/૦૯/૨૪ ના રોજ પરત આવેલ જેથી આરોપીએ ઈરાદાપૂર્વક રકમ આપેલના હોય,આરોપીને વકીલ મારફતે નોટીસ આપેલ કાયદા મુજબ નોટીસની બજવણી થઈ ગયેલ હોવા છતાં નોટીસનો કોઈ જવાબ આપેલ નહી કે ફરિયાદીને લેણી રકમ ચૂકવેલ નાહોય, હાલની ફરિયાદ કરેલ છે.

ફરિયાદ પક્ષે સદર હકીકત અન્વયે સદર કામે ફરીયાદીએ આંક-૪ ની પોતાની સરતપાસના સોગંદનામામાં ફરીયાદને સમર્થનકારી હકીકતો  જાહેર કરી આંક-૧૭ થી આંક-૨૩ સુધી અનુક્રમે  ફરિયાદીના પિતાએ લિધેલ લોનનુ સ્ટેટમેન્ટ,ફરિયાદીના પિતાનુ બેંક સ્ટેટમેન્ટ, તકરારી ચેક, ચેક રીટર્ન મેમો, માગણા નોટીસ, આર.પી.એડી.ની સ્લીપ, પોસ્ટની એકનોલેજમેન્ટ,પોસ્ટનો ટ્રેકીંગ રીપોર્ટ  ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવા વંચાણે તથા ધ્યાને લિધા. ફરિયાદી તરફે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ આરોપી તરફે કોઈ ખંડન કરવામાં આવેલ નથી.

**(૧૧.૧)** કેસનુ રેકર્ડ ધ્યાને લેતા હાથપર ના કેસમાં આરોપી હાજર થયા બાદ આરોપીની આંક- ૧૪ થી પ્લી નોંધવામાં આવેલ જેમાં  ગુનાનો ઈન્કાર કરેલ છે. તેમજ આરોપી કેસ ચલાવવા માંગતા હોવાનુ જાહેર કરેલ છે અને તે અન્વયે આરોપી તરફે મુદત રીપોર્ટ રજુ કરેલ હોવાનુ રેકર્ડ પર થી જણાય છે. પરંતુ ત્યારબાદ સદર કામ ફરિયાદીની ઉલટ તપાસ માટે રાખવામાં આવેલ પરંતુ ત્યારબાદ થી આરોપી જાતે કે તેઓના વિ.વકીલશ્રી હાજર રહેલ નહી તેમજ આરોપી ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવાનુ જાહેર કરેલ હોવા છતાં તેમજ ફરિયાદી હાજર રહેલ હોવા છતાં ફરિયાદીની ઉલટ તપાસ કરતા ના હોય, ફરિયાદ પક્ષે આંક-૨૬ થી ફરિયાદીની ઉલટતપાસનો આરોપીનો હકક બંધ કરવાની અરજી રજુ કરતા, કેસનુ રેકર્ડ ધ્યાને લઈને આરોપી પક્ષનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ તેમજ ત્યારબાદ પણ આરોપી હાજર રહેલના હોય, વિશેષ નિવેદન તથા દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૧.૨)** જેથી હાથપરના કેસમાં આરોપી હાજર થયા બાદ ફરિયાદીની ઉલટ તપાસ કરવા માંગતા હોવાનુ જાહેર કરીને ત્યારબાદ

અદાલત સમક્ષ જાતે કે વિ.વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી.આરોપી હાજર થયા બાદ ફરિયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનુ કોઈ ખંડન કરેલ નથી કે રજુ પુરાવા વિરોધનો કોઈ પુરાવો રેકર્ડ પર જાહેર કરેલ નથી. જે અન્વયે ઈન્ડીયન બેંક એસોસીએશન એન્ડ અધર્સ વિરુધ્ધ યુનીયન ઓફ ઈન્ડીયા એન્ડ અધર્સ (સુપ્રિમ કોર્ટ), રીટ પીટીશન સીવીલ નં.૧૮/૨૦૧૩, તા. ૨૧/૦૪/૨૦૧૪ ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ આરોપીને સમન્સ બજે અને હાજર થાય ત્યારે તેના બચાવ રજુ કરવાનો રહે છે. આરોપીએ ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી કે તેઓના બચાવમાં કોઈ રજુઆત કરેલ નથી તેમજ આરોપીએ ફરીયાદના કાયદેસરના લેણાં અંગે વિરુધ્ધની હકીકત પુરવાર કરેલ નથી. આ કામે ફરીયાદ પક્ષ ધ્ારા આંક-૧૭ થી આંક- ૨૩ સુધી ના દસ્તાવેજોનુ કોઈ ખંડન કરવામાં આવેલ નથી તેમજ આંક-૧૮ થી રજુ તકરારી ચેકમાંની સહી આરોપીની નહી હોવા બાબતે કોઈ તકરાર જાહેર કરેલ નથી તેમજ રજુ પુરાવા વિરુધ્ધનો પુરાવો રેકર્ડ પર રજુ કરેલ ન હોય ત્યારે સદર કાયદાની કલમ-૧૧૮ તથા ૧૩૯ ની જોગવાઈ અનુસાર જયા સુધી વિરુધ્ધનુ સાબિત ન થાય ત્યા સુધી ફરીયાદી ની તરફેણમા અનુમાન થઈ શકે પરંતુ સદર બન્ને જોગવાઈ અનુસાર '' વિરુધ્ધનુ સાબિત ન થાય તો'' તેવા શબ્દો પ્રયોજવામા આવેલ છે જે મુજબ સદર બંને અનુમાનો ખંડીત થઈ શકે તે મુજબના અનુમાનો છે. જે અનુસાર અનુમાનનુ ખંડન સચોટ પુરાવાથી કરવાનુ રહે છે અને આવા અનુમાનનુ ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. હાથ પર ના કેસમા આરોપી દવારા સદર અનુમાનનુ સચોટ પુરાવાથી ખંડન કરેલ નથી. જેથી આરોપી ધ્ારા ફરિયાદીએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓને પરોક્ષ રીતે સ્વીકાર કરેલ છે. તેમજ આ કામના આરોપી

એ ફરીયાદીને કાયદેસરની લ્હેણી રકમ ચુકવેલ નહી હોવાનુ કેસના રેકર્ડ પર થી સ્પષ્ટ ફલીત થાય છે. ધી નેગો. ઈન્સ્ટ્ર. એકટની કલમ – ૧૩૯ માં કરવામાં આવેલ અનુમાનોની વિરૂધ્ધની હકીકત આરોપી સાબીત ન કરે તો એ હકીકત માની લેવામાં આવશે કે આરોપીએ આપેલ ચેક કાયદેસરના લેણાં પેટે આપેલ છે.

**(૧૧.૩)** આમ, ફરીયાદપક્ષનો સમગ્ર મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધનો કેસ સાબીત કરવામાં સફળ થયેલ હોઈ મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.ર નો જવાબ હકારમાં આપી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ– ૧૩૮ ગુનામાં દોષિત ઠરાવવામાં આવે છે.

**(૧૨)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ના શિક્ષાત્મક ગુનાની પ્લી તથા ઈન્સાફી કાર્યવાહી સમન્સ ટ્રાયબલ પધ્ધતિથી ચલાવવામાં આવેલ છે તે સંજોગોમાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–ર૭૮ (ર) મુજબ આ કામના આરોપીને દોષિત ઠરાવવામાં આવે ત્યારે આરોપીને સજાના મુદ્દે સાંભળવાની કોઈ જરૂરિયાત નથી તેમજ હાથ પર ના કેસમા આરોપીને તેઓની સામેની હાલની ફરીયાદ અન્વયે માહિતી હોવા છતા ઈરાદાપૂર્વક હાજર રહેલ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
સ્થળ–ઓલપાડ

(દીપ્તી મૌલિક પંડ્યા)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ઓલપાડ
(જજ કોડ નં.૦૧૨૯૦)

**<u>સજા અંગે ફરીયાદીને સાંભળ્યા</u>**

**(૧૩)** ફરીયાદીના વિ.વ.શ્રી.તેઓની મૌખિક દલીલોમાં જાહેર કરેલ છે કે, ફરિયાદમાં જણાવેલ રકમ આરોપીએ ફરીયાદીને નહી ચુકવતા ફરીયાદીને નાણાંકીય નુકશાન થયેલુ છે. વધુમા આરોપીના હાલના કેસની માહિતી હોવા છતા તેમજ ફરિયાદીની ઉલટ તપાસ કરવા સારુ મુદત લિધેલ હોવા છતાં ફરિયાદીની ઉલટ તપાસ કરેલ નથી અને કેસ ચલાવવાનુ નામ.કોર્ટના રેકર્ડ પર જણાવેલ હોવા છતા ઈરાદાપૂર્વક ગેરહાજર રહી સદર કેસને બીનજરૂરી લંબાવેલ હોય જેના કારણે ફરીયાદીને નાણાંકીય નુકશાન થયેલ છે તેમજ ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે જેથી આરોપીની જોગવાઈ અનુસાર યોગ્ય તેમ હુકમ કરવા અરજ કરેલ છે.

**(૧૪)** બચાવપક્ષે વિ.વ.શ્રી તથા આરોપી હાજર નથી.

**(૧૫)** હાલના કામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેતા બે વર્ષની સુધીની કેદની અથવા ચેકની રકમના બમણી રકમ સુધીના દંડની અથવા તે બંને શિક્ષા કરી શકશે.

આમ બન્ને પક્ષની રજુઆત સાંભળી. આ કામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ– ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની ઉપરોકત જોગવાઈ ધ્યાને લીધી.

**(૧૬)** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટનો મુખ્ય હેતુ લોકોનો બેંકના વ્યવહારમાં તેમજ ધંધામાં ચેકથી લેવડદેવડ કરતા સામાન્ય પ્રજાજનોનો વિશ્વાસ ટકી રહે તે જોવાનો છે. વધુમાં આ કામે હાલનો ગુનો નાણાંકીય પ્ર કારનો આર્થિક ગુનો છે.

**(૧૭)** આમ, ઉપરોકત કેસના સંજોગો જોવામાં આવે તો, આરોપીને તેઓના સામેના કેસની માહીતી હોવા છતા ઈરાદાપૂર્વક કેસની કાર્યવાહી આગળ ચલાવવા તજવીજ કરેલ નથી. આરોપી દ્ધારા તેઓની સામે ચાલતી કાર્યવાહીને ગંભીરતા થી લિધેલ નહી હોવાનુ ફલિત થાય છે. ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં તકરારી ચેકની બમણી રકમનો દંડ કરી ફરીયાદીને આરોપીના કૃત્યને લીધે ભોગવવી પડેલ ઈજા અને નુકસાનને પણ ધ્યાને લેતાં ફરીયાદીએ નાણાં વસુલ મેળવવા માટે કોઈ અલગ દિવાની દાવો કરેલ ન હોઈ તેમજ અન્ય પ્રકારનો સિવિલ તેમજ ક્રિમીનલ દાવાદુવીનો અંત લાવવા અને ચેકથી થતા વ્યવહારોમાં અને સામાન્ય લોકોમાં થતાં વ્યવહારોમાં ચેકની વિશ્વસનીયતા ટકી રહે તેમજ ચેકનો દુરૂપયોગ થતો અટકે તે હકીકતને ધ્યાનમાં રાખીને તેમજ ઉપરોકત તમામ રજુઆતો, જોગવાઈઓ તથા વિવિધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાંતોને ધ્યાને રાખીને નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિત જળવાશે, તેવા નિર્ણય પર આવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી અશોકભાઈ અરવિંદભાઈ પરમાર રહે. ૧૫૧, ગીતાનગર– ૨, કીમ, તા. ઓલપાડ જિલ્લો– સુરતનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૮ (૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી (ત્રણ) માસની સાદી કેદની સજા તથા ચેકની બમણી રકમ રૂા.૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે. વધુમાં આરોપીએ વળતર

પેટે ઉપરોકત દંડની રકમ માંથી રૂપિયા ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ફરીયાદીને ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ૧૫ (પંદર) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને બી.એન.એસ. કલમ-૪૦૩ અન્યવયે ચુકાદાની એક નકલ વિનામુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં આરોપી આજરોજ ગેરહાજર રહેલ હોય આરોપીના જામીન તથા બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી સામે સજા વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
સ્થળ-ઓલપાડ

( દીપ્તી મૌલિક પંડ્યા)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
ઓલપાડ
(જજ કોડ નં.૦૧૨૯૦)